Dr. Babasaheb Ambedkar Open University
“Jyotirmay Parisar” Opp. Shri Balaji Temple,
Sarkhej - Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481

# Frequently Asked Questions (FAQ) for Examination

1. પરીક્ષાનું આયોજન ક્યારે કરવામાં આવે છે?
   a. સામાન્ય રીતે પરીક્ષાનું આયોજન વર્ષમાં બે વાર એટલે કે જાન્યુઆરી અને જુલાઈ મહિનાનાં પ્રથમ સપ્તાહમાં કરવામાં આવે છે.
2. સતત મૂલ્યાંકન (સ્વાધ્યાય કાર્ય) અને સત્રાંત પરીક્ષા (ટર્મ-એન્ડ) પરીક્ષા શું છે?
   a. સર્ટીફીકેટ અભ્યાસક્રમ સિવાયના તમામ અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીનું મૂલ્યાંકન બે રીતે કરવામાં આવે છે i) સ્વાધ્યાય કાર્ય અને ii) સત્રાંત પરીક્ષા.
   b. અંતિમ પરિણામમાં સ્વાધ્યાય કાર્યનું 30% ગુણ ભાર જ્યારે સત્રાંત પરીક્ષાનું 70% ગુણ ભાર છે.
   c. યુનિવર્સિટી સતત મૂલ્યાંકન માટે તેમજ સત્રાંત પરીક્ષાના પરિણામમાં ગ્રેડિંગ સિસ્ટમનું પાલન કરે છે જેમાં એ, બી, સી, ડી, ઇ ગ્રેડનો ઉપયોગ કરીને પાંચ-પોઇન્ટ સ્કેલ પર કરવામાં આવે છે તેમજ સંખ્યાત્મક માર્કિંગ આપવામાં આવે છે.
   d. વિદ્યાર્થીને સ્વાધ્યાય કાર્ય ગંભીરતાથી લેવાની સલાહ આપવામાં આવે છે જો વિદ્યાર્થી દ્વારા કોઈ વિષયનું સ્વાધ્યાયકાર્ય જમા કરવામાં ન આવે તો વિદ્યાર્થી તે વિષયની પરીક્ષા આપી શકશે નહિ આમ છતાં જો વિદ્યાર્થી સ્વાધ્યાય કાર્ય જમા કરાવ્યા વગર પરીક્ષા આપે તો તેની સત્રાંત પરીક્ષાનું પરિણામ રદ થઇ શકે છે.
   e. વિદ્યાર્થી એ પોતાના રેકોર્ડ માટે જે બધા સ્વાધ્યાય કાર્ય જમા કરાવ્યા હોય તેના જવાબોની એક કોપી જાળવી રાખવી જોઈએ
   f. જો વિદ્યાર્થીને કોઈ પણ સ્વાધ્યાય કાર્યમાં પાસ ગ્રેડ નહીં મળે, તો તેણે સ્વાધ્યાય કાર્ય ફરીથી જમા કરાવવું પડશે.
   g. જો વિદ્યાર્થીને કોઈ પણ વિષયની સત્રાંત પરીક્ષામાં પાસ ગ્રેડ ન મળે તો તે અભ્યાસક્રમનાં મહતમ સમયગાળા સુધી ફરીથી પરીક્ષા આપી શકે છે.
3. ટર્મ એન્ડ પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીની પાત્રતા વિશે કહો.
   a. વિદ્યાર્થી એ જે પરીક્ષા આપવી હોય તે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ હોવો જોઈએ
   b. વિદ્યાર્થીએ નિર્ધારિત વિષયની પસંદગી કરી હોવી જોઈએ.
   c. વિદ્યાર્થીએ સમયસર પરીક્ષાનું ફોર્મ જમા કરાવેલ હોવું જોઈએ

d. વિદ્યાર્થીએ જે તે વિષયની પરીક્ષા આપવા માટે તેના સ્વાધ્યાય કાર્ય જમા કરાવેલ હોવા જોઈએ
e. દરેક વિદ્યાર્થીએ ટર્મ-એન્ડ પરીક્ષા આપવા તેની સાથે એડમિટ કાર્ડ અને ઓળખ કાર્ડ લાવવું આવશ્યક છે
f. નિયત સમય પહેલા (Pre-Term) અને નિયત સમય બાદ (Post-Term) પરીક્ષા આપી શકશે નહિ.
g. વિદ્યાર્થી UFM અંતર્ગત નિયત થયેલ સમયગાળા દરમ્યાન પરીક્ષા આપી શકશે નહીં

4. વિદ્યાર્થી એ પરીક્ષા ફોર્મ કઈ રીતે ભરવું અને કયા જમા કરાવવું?
   a. જુલાઇ સત્રની પરીક્ષા માટે વિદ્યાર્થી પરીક્ષા ફોર્મ એપ્રિલ-મે મહિનાથી વેબસાઇટના માધ્યમથી ઓનલાઈન (https://baou.edu.in/exam-form) ભરી શકે છે.
   b. જાન્યુઆરી સત્રની પરીક્ષા માટે વિદ્યાર્થી પરીક્ષા ફોર્મ ઓક્ટોબર-નવેમ્બર મહિનાથી ઓનલાઈન (https://baou.edu.in/exam-form) ભરી શકે છે.
   c. પરીક્ષા ફોર્મ ભરવા માટે એક મહિનાનો સમય આપવામાં આવે છે.
   d. પરીક્ષા ફોર્મ ઓનલાઈન ભરી તેની પ્રિન્ટ તેમના અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાની હોય છે.
5. શું વિદ્યાર્થી એ પરીક્ષા ફી ભરવાની હોય છે તથા તે પરીક્ષા-ફી કઈ રીતે ભરી શકે?
   a. વિદ્યાર્થીએ પ્રથમ વાર પરીક્ષા આપવા માટે પરીક્ષા ફી ભરવાની હોતી નથી પરંતુ જો વિદ્યાર્થી નાપાસ થાય અથવા નિયત સમયમાં પરીક્ષા ના આપે તો તેણે પરીક્ષા આપવા ફી ભરવાની હોય છે જે તેના પરીક્ષા ફોર્મમાં દર્શાવેલ હોય છે.
   b. પરીક્ષા ફી ઓનલાઈન ભરવાની હોય છે.
6. વિદ્યાર્થી ક્યારે અને કેવી રીતે પરીક્ષાનું સમયપત્રક અને એડમિટ કાર્ડ મેળવી શકે છે?
   a. વિદ્યાર્થી વેબસાઈટના માધ્યમથી પરીક્ષા પરીક્ષાનું સમયપત્રક (https://baou.edu.in/time-table) અને એડમિટ કાર્ડ (https://baou.edu.in/hall-ticket) મેળવી શકે છે.
7. જો વિદ્યાર્થી અનિવાર્ય સંજોગો ને કારણે નિયત સમયે પરીક્ષા ન આપી શકે તો શું? (Exam On Demand)
   a. અનિવાર્ય સંજોગો ને કારણે નિયત સમયે પરીક્ષા ન આપી શકે તેવા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીનાં ઓર્ડીનન્સ "Exam on Demand" Ordinance, 2019-20 ની જોગવાઈઓ અનુસાર માર્ચ–૨૦૨૦થી યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓને "Exam on Demand" ની સુવિધાઓ આપવાનું નક્કી કરવામાં આવેલ છે જે અંગેની સૂચનાઓ અને નિયમો અંગેની વિસ્તૃત માહિતી વેબસાઈટ પર ઉપલબ્ધ છે.
8. અભ્યાસક્રમ માટે કેટલા સ્વાધ્યાય કાર્ય (એસાઈન્મેન્ટ) જમા કરવાના હોય છે અને તેનું મૂલ્યાંકન કેવી રીતે કરવામાં આવે છે?
   a. અભ્યાસક્રમ માટે જે તે વિષયની ક્રેડીટ મુજબ સ્વાધ્યાય કાર્ય જમા કરાવવાના હોય છે.

b. સ્વાધ્યાય કાર્યનો મુખ્ય હેતુ એ છે કે વિદ્યાર્થી તેમણે મેળવેલ અભ્યાસ સામગ્રીનો ગહન અભ્યાસ કરે અને તેના અભ્યાસ દ્વારા મેળવેલ સમજણની ચકાસણી કરે.

c. પરીક્ષક દ્વારા સ્વાધ્યાય કાર્યનું મૂલ્યાંકન કર્યા બાદ તેમની ટિપ્પણી અને ગુણ સાથે વિદ્યાર્થીને પાછા આપવામાં આવે છે જેથી તેમને અભ્યાસ માટે માર્ગદર્શન મળે અને અભ્યાસ સુધારવામાં મદદ કરે.

d. સ્વાધ્યાય કાર્યની રચના એવી રીતે કરવામાં આવે છે કે વિદ્યાર્થી દ્વારા મુખ્યત્વે મુદ્રિત કોર્સ સામગ્રી પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે

9. અભ્યાસક્રમ માટેના સ્વાધ્યાય કાર્ય (એસાઈન્મેન્ટ) કયાથી મેળવવા, કયા જમા કરવાના અને ક્યારે જમા કરાવવાનાં હોય છે?

   a. વિદ્યાર્થી વેબસાઈટના માધ્યમથી (https://baou.edu.in/assignment) સ્વાધ્યાય કાર્ય ડાઉનલોડ કરી શકે છે.

   b. વિદ્યાર્થી દ્વારા સ્વાધ્યાય કાર્ય નિયત સમયમાં લખીને પોતાના અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાના હોય છે.

   c. સામાન્ય રીતે જુલાઈ પ્રવેશ સત્રમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ એ ૩૧-ડીસેમ્બર સુધીમાં સ્વાધ્યાય કાર્ય જમા કરાવવાના હોય છે જયારે ફેબ્રુઆરી સત્રમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ એ ૩૧-મે સુધીમાં સ્વાધ્યાય કાર્ય જમા કરાવવાના હોય છે.

10. શું ઉતરવહીઓનું રીચેકિંગ અને રી-એસેસમેન્ટની કોઈ જોગવાઈ છે?

   a. હા, વિદ્યાર્થી પરિણામ જાહેર થયાના ૧૫ દિવસની અંદર જરૂરી ફોર્મ અને ફી ભરી નિયમાનુસાર ઉતરવહીઓનું રીચેકિંગ અને રી-એસેસમેન્ટ કરાવી શકે છે

   b. વિદ્યાર્થી રી-એસેસમેન્ટ માટેનું ફોર્મ વેબસાઈટની (https://baou.edu.in/application-forms) લીંક પરથી મેળવી શકે છે.

   c. રી-ચેકિંગ માટે ફી પ્રતિ વિષય રૂ. ૫૦ તથા રી-એસેસમેન્ટ માટેની ફી પ્રતિ વિષય રૂ. ૩૦૦ છે જે "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી" ના નામના અમદાવાદ ખાતે ચૂકવાય તેવા ડીમાંડ ડ્રાફ્ટથી અથવા યુનિવર્સિટી ખાતે રૂબરૂ ભરી શકશે.

11. માઈગ્રેશન સર્ટિફિકેટ અને ટ્રાન્સક્રિપ્ટ મેળવવા માટે શું પ્રક્રિયા છે?

   a. વિદ્યાર્થી સાદા કાગળ પર પોતાની વિગતો સાથે અરજી કરી માર્કશીટ અને ડીગ્રી સર્ટીફીકેટની નકલ જોડી માઈગ્રેશન સર્ટિફિકેટ અને ટ્રાન્સક્રિપ્ટ મેળવી શકે છે

   b. માઈગ્રેશન સર્ટીફીકેટ મેળવવા માટેની ફી રૂ. ૧૦૦ છે જે વિદ્યાર્થી જે ડીમાંડ ડ્રાફ્ટ અથવા યુનિવર્સિટી ખાતે રૂબરૂ ભરી શકશે.

   c. ટ્રાન્સક્રીપ્ટ મેળવવા માટેની ફી રૂ. ૫૦૦ (પાંચ નકલ) છે જે વિદ્યાર્થી જે "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી" ના નામના અમદાવાદ ખાતે ચૂકવાય તેવા ડીમાંડ ડ્રાફ્ટથી અથવા યુનિવર્સિટી ખાતે રૂબરૂ ભરી શકશે.

12. માર્કશીટ અને ડિગ્રી સર્ટિફિકેટ મેળવવા માટે શું પ્રક્રિયા છે?
    a. વિદ્યાર્થી દ્વારા પોતાના અભ્યાસક્રમની સત્રાંત પરીક્ષા અને સ્વાધ્યાય કાર્ય સફળતા પૂર્ણ કર્યા બાદ જરૂરી ક્રેડીટ પૂર્ણ કર્યેથી માર્કશીટ તેમના નોંધાયેલા સરનામાં પર રજીસ્ટરડ પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવે છે.
    b. વાર્ષિક પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીને ડીગ્રી સર્ટીફીકેટ એનાયત કરવામાં આવે છે જે વિદ્યાર્થી હાજર રહી મેળવી શકે છે અથવા તેના નોધાયેલા સરનામાં પર રજીસ્ટરડ પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવે છે.
    c. ડીગ્રી સર્ટીફીકેટ મેળવવા માટે વિદ્યાર્થી ઓનલાઈન અરજી કરી શકે છે અથવા નિયત ફોર્મ (https://baou.edu.in/application-forms) ડાઉનલોડ કરી તેણી સાથે રૂ. ૧૧૦નો જે "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી" ના નામના અમદાવાદ ખાતે ચૂકવાય તેવા ડીમાંડ ડ્રાફ્ટ અને માર્કશીટની નકલ જોડી યુનિવર્સિટી ખાતે પણ મોકલી શકે છે અને ડીગ્રી પ્રાપ્ત કરી શકે છે.
13. વિદ્યાર્થી પરિણામ અને એસાઈન્મેન્ટના માર્કસ કઈ રીતે જોઈ શકે છે?
    a. વિદ્યાર્થી વેબસાઈટ પર આવેલ લીંક (https://baou.edu.in/result-related-link) દ્વારા પોતાનું પરિણામ અને એસાઈન્મેન્ટના માર્કસ જોઈ શકે છે
14. શું વિદ્યાર્થી એ પરીક્ષા કેન્દ્ર બદલી શકે છે?
    a. વિદ્યાર્થીનું પરીક્ષા કેન્દ્ર તેનું અભ્યાસકેન્દ્ર હોય તેજ શહેરમાં રાખવામાં આવે છે જેથી તેમને પરીક્ષા આપવા માટે દુર જવાની જરૂર પડે નહિ.
    b. પરીક્ષા કેન્દ્ર બદલવા માટે વિદ્યાર્થી દ્વારા પરીક્ષાનાં એક મહિના અગાઉ પોતાની મુશ્કેલી જણાવી જરૂરી આધાર પુરાવા સાથે અરજી કરવાની રહે છે જે ધ્યાને લઇ પરીક્ષા કેન્દ્ર બદલી આપવા અંગે નિર્ણય લેવામાં આવે છે.
15. વિદ્યાર્થી જૂના પ્રશ્નપત્રો ક્યાંથી મેળવી શકે છે?
    a. જુના પ્રશ્નપત્રો વિદ્યાર્થી વેબસાઈટ પરથી (https://baou.edu.in/question-paper) ડાઉનલોડ કરી શકે છે.
16. પરીક્ષાનું એડમિટ કાર્ડ કઈ રીતે મેળવવું?
    a. પરીક્ષાનું એડમિટ કાર્ડ વેબસાઈટ પરથી https://baou.edu.in/hall-ticket લીંક દ્વારા મેળવી શકે છે.
17. માર્કશીટમાં નામ સુધારવા માટેની પ્રક્રિયા શું છે? શું તેની માટે કોઇ ફી ભરવાની છે?
    a. વિદ્યાર્થી દ્વારા નામ સુધારણા માટેની અરજી, અસલ માર્કશીટ તથા રૂ. ૫૦ ના સ્ટેમ્પ પેપર પર એફિડેવિટ અથવા નામ સુધારણાનું ગેઝેટ રજુ કર્યેથી ચકાસણી બાદ નામ સુધારણા સાથેની માર્કશીટ આપવામાં આવે છે.
    b. આ અંગે કોઇપણ પ્રકારની ફી લેવામાં આવતી નથી

18. પરીક્ષા આપ્યા બાદ પરિણામ ક્યારે જાહેર કરવામાં આવે છે તથા તે કઈ રીતે આપવામાં આવે છે?
    a. પરીક્ષા પૂર્ણ થયાના 28 દિવસમાં સમયસર પરિણામ જાહેર કરવામાં આવે છે.
    b. વિદ્યાર્થી પોતાનું પરિણામ વેબસાઈટ (https://baou.edu.in/examinations-result ) પરથી જોઈ શકે છે.
19. વિદ્યાર્થી દ્વારા માર્કશીટ અથવા ડિગ્રી સર્ટિફિકેટ ખોવાય જાય તો ડુપ્લિકેટ મેળવવાની પ્રક્રિયા શું છે?
    a. વિદ્યાર્થી દ્વારા માર્કશીટ અથવા ડિગ્રી સર્ટિફિકેટ ખોવાય જાય તો ડુપ્લિકેટ મેળવવા માટે ૫૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર પર અરજી કરવાની રહે છે.
    b. ડુપ્લીકેટ માર્કશીટ માટે ૫૦ રૂપિયા ફી છે જે વિદ્યાર્થી દ્વારા યુનીવર્સીટી ખાતે રુબુરુ અથવા "ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી" ના નામના અમદાવાદ ખાતે ચૂકવાય તેવા ડીમાંડ ડ્રાફ્ટથી જમા કરાવી શકે છે.
20. પ્રેક્ટિકલ અને પ્રોજેક્ટની પરીક્ષા કઈ રીતે લેવામાં આવે છે.
    a. પ્રેક્ટિકલ અને પ્રોજેક્ટની વિષયની પરીક્ષા વિદ્યાર્થીએ પોતાના પરીક્ષાકેન્દ્ર / અભ્યાસકેન્દ્ર ખાતે આપવાની હોય છે.
21. વિદ્યાર્થીને પરીક્ષામાં ગેરરીતિ આચરતા પકડાઈ તો તેના માટે શું પ્રક્રિયા કરવામાં આવે છે?
    a. જો વિદ્યાર્થી પરીક્ષામાં ગેરરીતી આચરે તો તેને પરીક્ષા સમિતિ સમક્ષ આ અંગે રૂબરૂ અથવા પત્ર દ્વારા ખુલાસો કરવાની તક આપ્યા બાદ સમિતિ દ્વારા યુનીવર્સીટીના નિયમાનુસાર નિર્ણય કરવામાં આવે છે તેમજ તે અંગે વિદ્યાર્થીને લેખિત જાણ કરવામાં આવે છે.
22. જો વિદ્યાર્થીને બે અલગ અલગ અભ્યાસક્રમની પરીક્ષા એક જ સમયે હોય તો તે શું કરી શકે?
    a. સામાન્ય રીતે આવું થવાની શક્યતા ઓછી હોય છે આમ છતાં વિદ્યાર્થી એ કયા અભ્યાસક્રમનાં વિષયની પરીક્ષા આપવી તે અંગે જાતે નિર્ણય લેવાનો રહે, બાકી રહેતા વિષયની પરીક્ષા ત્યારબાદ આયોજિત પરીક્ષામાં આપી શકે છે.
23. વિદ્યાર્થી પરીક્ષા વિભાગનો સંપર્ક કઈ રીતે કરી શકે છે?
    a. વિદ્યાર્થી પરીક્ષા વિભાગનો સંપર્ક વેબસાઈટ પર કોન્ટેક્ટ સેક્શનમાં આપેલ ઈમેઈલ દ્વારા અથવા ટેલિફોન નંબર પર કાર્યાલય સમય દરમ્યાન કરી શકે છે.
24. માર્કશીટ ખરાઈ / માન્યતા / ટ્રાયલ સર્ટીફીકેટ / CGPA સર્ટીફીકેટ મેળવવા માટેની પ્રક્રિયા જણાવો
    a. જે સંસ્થા દ્વારા ઉમેદવારની માર્કશીટની ખરાઈ કરવાની હોય તેના દ્વારા અરજી પ્રાપ્ત થતા ખરાઈ પત્ર દ્વારા વિનામૂલ્યે કરી આપવામાં આવે છે.
    b. વિદ્યાર્થી દ્વારા માન્યતા / ટ્રાયલ સર્ટીફીકેટ / CGPA મેળવવા માટે માર્કશીટની નકલ સાથે અરજી કરવાથી તેઓ વિના મુલ્યે પ્રાપ્ત કરી શકે છે.

25. સરકારી કર્મચારી અને અધિકારીઓ માટે લેવામાં આવતી CCC/CCC+ પરીક્ષા વિષે જણાવો

a. સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર અંતર્ગતના કમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ અભ્યાસક્રમની તાલીમ અને પરીક્ષા સંબંધિત વ્યવસ્થા અન્વયે ડૉ બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના વિવિધ અભ્યાસકેન્દ્રો તેમજ પ્રાદેશિક કેન્દ્રોને પરીક્ષા કેન્દ્રો તરીકે મંજુરી મળેલ છે.

b. સરકારી કર્મચારી અને અધિકારીઓ માટે લેવામાં આવતી CCC/CCC+ પરીક્ષા અંગે વિસ્તૃત વિગતો વેબસાઈટ પરથી https://baou.edu.in/cccccc મળી શકે છે.

* * * * *